# પરવાળાનાં પંથે

વર્ષ-૨, અંક-૧, જાન્યુઆરી - ઓગષ્ટ, ૨૦૧૨

**માર્ગદર્શન :**
**શ્રી આર. ડી. કમ્બોજ (ભા.વ.સે.),**
મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર.

**સંપાદન :**
**શ્રી એમ.એમ.ભાલોડી,**
નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર

**સંકલન :**
ચેતન સોજીત્રા, સોશ્યલ સાયન્ટિસ્ટ,મનેપા, જામનગર
ડૉ.ચંદ્રેશ દવે, મરીન બાયોલોજીસ્ટ,મનેપા, જામનગર

**સંપાદકની કલમે....**

પ્રિય મિત્રો,

આપ જાણો છો કે, દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્ય, જામનગર તેની દુર્લભ દરિયાઈ જીવસૃષ્ટિ, પરવાળાની છાજલી, ચેરના જંગલો, યાયાવર પક્ષીઓ અને સ્થાનિક પક્ષીઓ સંબંધિત પરિસરતંત્ર બહુવિધ દરિયાઈ જીવસૃષ્ટિને પોષે છે. આ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનમાં આવેલી પરવાળાની છાજલીની લોકપ્રિયતા દિન-પ્રતિદિન વધી રહી છે. આ ઉદ્યાનની તમામ માહિતી સંક્ષિપ્તમાં આ સામાયિક દ્વારા આપ સુધી પહોંચી રહી છે. આ અંગે જો કોઈ આપના મૌલિક વિચારો કે લેખો હોય તો અમોને મોકલી આપવા વિનંતી છે. આશા રાખીએ છીએ કે, આપને અમારો આ પ્રયત્ન ગમ્યો હશે. આપનાં તરફથી સહકારની અપેક્ષા રાખી ‘‘પરવાળાના પંથે’’ નો ચોથો અંક પ્રસિધ્ધ કરીએ છીએ.

## પ્રજાસત્તાક દિન (૨૬મી જાન્યુઆરી) ની ઉજવણી

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા પ્રજાસત્તાક દિન (૨૬મી જાન્યુઆરી) ની ઉજવણી શ્રી આર. ડી. કમ્બોજ, ભા.વ.સે.ની અધ્યક્ષતામાં કરવામાં આવી. જેમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી આર. ડી. કમ્બોજ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ અને સલામી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જામનગર, વન વિભાગ અને સામાજીક વનીકરણ વિભાગ જામનગરનો સ્ટાફ હાજર રહેલ. આ કાર્યક્રમની સાથે દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્યના ક્ષેત્રિય કર્મચારી શ્રી આર.એમ.બારડ, શ્રી કે.આર.ચુડાસમા અને શ્રી એચ.ઓ.ગાદને તેમની કામગીરી ઉપરાંતની વિશિષ્ટ ક્ષેત્રિય કામગીરી બદલ પ્રોત્સાહક ઈનામો અને શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ સાથે ૨૬મી જાન્યુઆરીના દિવસે જામનગર જીલ્લા કક્ષાનો કાર્યક્રમ ખંભાળીયા ખાતે રાખવામાં આવેલ. જેમાં દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન, જામનગર દ્વારા ટેબલો બનાવી આ કાર્યક્રમમાં લોકોને દરિયાઈ જીવસૃષ્ટિ અને જૈવ વૈવિધ્યતા વિશે જાગૃત કરવામાં આવેલ.

## પક્ષી ગણતરી અંદાજ વર્ષ-૨૦૧૨

ગુજરાત વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ રાજય વ્યાપી જલપ્લાવિત વિસ્તારોની પક્ષી ગણતરી અંદાજ વર્ષ-૨૦૧૨ અંતર્ગત ખીજડીયા પક્ષી અભયારણ્ય ખાતે ઘનિષ્ટ પક્ષી ગણતરી કરવામાં આવી હતી. આ પક્ષી ગણતરી જાન્યુઆરી માસનાં અંતિમ અઠવાડીયામાં કરવામાં આવી હતી. જેમાં મરીન નેશનલ પાર્કના ૧૦ જેટલા ચુનંદા પક્ષી નિરીક્ષક સ્ટાફ અને જામનગર શહેરનાં અગ્રગણ્ય પક્ષી અભ્યાસુઓ / નિરીક્ષકો (એન.જી.ઓ.) ઉત્સાહપુર્વક જોડાયા હતા. આ પક્ષી ગણતરીનું આયોજન એ

વૈજ્ઞાનિક અભિગમપુર્વક પક્ષીઓની વર્તણુંક, તેઓની દિનચર્યા અને તેઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ નિવાસ સ્થાનો જેવા કે, જળાશય, ખેતર, મીઠાનાં અગર, માટીના પાળા વિગેરેના જ્ઞાનને આવરી લઈને સચોટ અંદાજ મળી શકે તે રીતે કરવામાં આવ્યું હતું. ઉદાહરણ તરીકે પક્ષી ગણતરીનો સમય વહેલી સવારે અને ઢળતી સાંજે પસંદ કરવામાં આવ્યો હતો, જયારે પક્ષીઓ તેમની દિનચર્યામાં સક્રિય હોય છે.

આ પક્ષી ગણતરી અંદાજની સાથે પક્ષીઓ સાથે સંકળાયેલી અન્ય વિશિષ્ટ બાબતોનું પણ અવલોકન કરી નોંધણી કરવામાં આવી હતી.

આ પક્ષી ગણતરી અંદાજ દરમ્યાન ૧૮૫ જેટલી જાતોનાં કુલ ૮૭૬૮૧ જેટલાં પક્ષીઓ ખીજડીયા પક્ષી અભયારણ્યમાં નોંધાયા હતા. જયારે વર્ષ ૨૦૦૮માં હાથ ધરવામાં આવેલ પક્ષી ગણતરી દરમ્યાન ખીજડીયા પક્ષી અભયારણ્ય અને તેની નજીકના સોલ્ટ વર્કમાં ૧૧૯ જાતીના કુલ ૪૧૪૩૭ જેટલા પક્ષીઓ નોંધાયેલા હતા.

આ પક્ષી ગણતરી અંદાજ દરમ્યાન ૪૯ કાળી ડોક ઢોંક પક્ષી જોવા મળેલ. જેમાં ૭ જેટલા બચ્ચાંઓ પણ સામેલ છે. આ પક્ષીનો વર્ષ ૨૦૦૨માં જયારે પ્રથમ માળો નોંધાયો ત્યારે કુલ સંખ્યા ૬ (૪ પુખ્ત અને ૨ બચ્ચાં) હતી. જે દર્શાવે છે કે, છેલ્લા દાયકા દરમ્યાન આ પ્રમાણેના પક્ષીઓ કે જે ખુબ જ જુજ પ્રમાણમાં જોવા મળે છે. ખીજડીયા પક્ષી અભયારણ્ય ખાતે તેની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે.

## એકાઉન્ટીંગ અંગેની તાલીમ

તા.૧૩/૨/૨૦૧૨ થી તા.૧૭/૨/૨૦૧૨ દરમ્યાન હૈદરાબાદ ખાતે "ટ્રેઈનીગ પ્રોગ્રામ ઈન ગવર્નમેન્ટ" પર સીસ્ટમ મેનેજમેન્ટ અને "એકાઉન્ટેબીલીટી ઈન ગવર્નમેન્ટ" પર તાલીમમાં મરીન નેશનલ પાર્કના આઈ.સી.ઝેડ.એમ. સ્ટાફ શ્રી વિપુલ ચૌહાણે ભાગ લીધો હતો. ઉપરોકત તાલીમમાં ઓવરવ્યુ ઓફ ગવર્નમેન્ટ ફાઈનાન્સ સીસ્ટમ, ગવર્નમેન્ટ બજેટ એન્ડ બજેટ (પ્રીપરેશન ગવર્નમેન્ટ એકાઉન્ટસ, ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ, એમ.આઈ. એસ., ઈન્ટર્નલ ઓડિટ, સી.એ.જી. ઓડીટ અને સંલગ્ન વિષયો પર માહિતી આપવામાં આવી હતી.

## વિના મુલ્યે - પશુ નિદાન કેમ્પ





તા.૨૧/૦૨/૨૦૧૨ ને મંગળવારના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગરના તાબા હેઠળની જામનગર રેન્જના ખીજડીયા તથા વિભાપર ગામમાં મરીન નેશનલ પાર્ક, જામનગરનાં મુખ્ય વન સંરક્ષક,શ્રી આર.ડી. કમ્બોજ,ભા.વ.સે., શ્રી સી.બી.ભીમાણી, નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી જી.એ.સોઢા, આસીસટન્ટ ડાયરેકટર વેટનરી પોલીકલીનીક શ્રી ડો.એન.ડી. કાસુન્દ્રા, પશુરોગ સંશોધન અધિકારી, શ્રી બી.ડી. પટેલ, પશુચિકિત્સા અધિકારી, શ્રી વેટરનરી પોલીકલીનીક, ડો. એ.સી.વિરાણી, પશુચિકિત્સા અધિકારી, પશુરોગ સંશોધન કચેરીના શ્રી ડો. જે.એન.ઠુમ્મર, સર્પોટીગ સ્ટાફ તથા મરીન નેશનલ પાર્ક, જામનગરના સ્ટાફની હાજરીમાં બંને ગામોમાં પશુઓ માટે વિના મુલ્યે પશુઓના રસીકરણ તથા સારવાર શિબિર યોજાયેલ હતી. જેમાં પશુઓના રસીકરણ, ઓપરેશન, ગાયનેક, ખસીકરણ, કૃત્રિમ બીજ દાન, બીમાર પશુઓના નિરાકરણ માટે સારવાર કરવામાં આવી હતી.

આ શિબિરમાં વિભાપર ગામના ૩૫ પશુપાલકોના કુલ ૭૩ પશુઓ તથા ખીજડીયાના ૨૪ પશુપાલકોના કુલ ૭૮૭ પશુઓને સર્જરી, રસીકરણ, ગાયનેક, મેડીસીન, કુત્રિમ બીજ દાન, ખસીકરણ તથા કૃમિનાશક દવા અપાયેલ હતી.

તા.૧૪/૦૩/૨૦૧૨ ને મંગળવારના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગરના તાબા હેઠળની ભાટીયા રેન્જના ગાગા ગામમાં ભાટીયાના રેન્જ ફોરેસ્ટ ઓફીસર શ્રી એન.એન. જોશી, આસીસટન્ટ ડાયરેકટર વેટનરી પોલીકલીનીક શ્રી ડો. એન.ડી. કાસુન્દ્રા, પશુરોગ સંશોધન અધિકારીશ્રી બી.ડી. પટેલ, પશુચિકિત્સા અધિકારીશ્રી વેટરનરી પોલીકલીનીક ડો. એ.સી.વિરાણી, પશુચિકિત્સા અધિકારી જામ કલ્યાણપુર શ્રી કે. કે. જીવાણી, પશુધન નિરીક્ષકશ્રી આર. ટી. ચૌહાણ, સપોર્ટીગ સ્ટાફ તથા મરીન નેશનલ પાર્ક, જામનગરના શ્રી ડી.એન.મારૂ, ફો.ગાર્ડ તથા શ્રી ચેતન જી. સોજીત્રા, સોશ્યલ સાયન્ટીસ્ટની હાજરીમાં ગાગા ગામમાં પશુઓ માટે વિના મુલ્યે રસીકરણ તથા સારવાર શિબિર યોજાયેલ હતી. જેમાં પશુઓના રસીકરણ, ઓપરેશન, ગાયનેક, ખસીકરણ, કૃત્રિમ બીજ દાન, બીમાર પશુઓના રોગાનાં નિરાકરણ માટે સારવાર આપવામાં આવી હતી. આ શિબિરમાં ગાગા ગામના અંદાજીત ૮૦ જેટલા પશુઓને સર્જરી, રસીકરણ, ગાયનેક, મેડીસીન, કુત્રિમ બીજ દાન, ખસીકરણ તથા કૃમિનાશક દવા અપાયેલ હતી.

## મરીન ઈકો ટોકસીકોલોજી અંગેની તાલીમ



ચૈન્નઈ ખાતે ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ એન્ડ મરીન એરીયા મેનેજમેન્ટ પ્રોજેકટ ડીરેકટોરેટ (આઈ.સી.એમ.એ.એમ.પી.ડી.) દ્વારા તા.૦૫/૦૩/૨૦૧૨ થી તા.૦૯/૦૩/૨૦૧૨ દરમ્યાન મરીન ઈકો ટોકસીકોલોજી વિષય પર તાલીમ આયોજીત કરવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય આશય ભારતનાં વિવિધ કાંઠા વિસ્તારનાં રાજ્યોનાં પ્રદુષણ નિયત્રણ બોર્ડ, યુનિવસીર્ટી અને અન્ય તકનીકી કર્મચારી / અધિકારીઓને સમુદ્રનાં પ્રદુષણનાં નવા માપદંડો, દરિયાઈ પાણીમાં પ્રદુષીત તત્વોની માત્રા નકકી કરવાની નવિનતમ તકનીકો અને સજીવોમાં પ્રદુષકોની માત્રા જાણવા જેવા વિષયો પર અવગત કરાવવાનો હતો. આ તાલીમમાં તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ અને ગુજરાત રાજયોમાંથી તાલીમાર્થીઓ જોડાયા હતા. ગુજરાતમાંથી ગુજરાત પ્રદુષણ નિયત્રણ બોર્ડ, ગીર ફાઉન્ડેશન,ગાધીનગર અને મરીન નેશનલ પાર્કમાં આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ સાથે સંકળાયેલા ડો. ચંદ્રેશ દવેએ આ તાલીમમાં ભાગ લીધો હતો.

## સાગર ખેડૂ જાગૃતિ શિબિર - એક દિવસીય કાર્યશાળા



તા.૦૬/૦૩/૨૦૧૨ ને મંગળવારના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા સાગરખેડુ જાગૃતિ કાર્યશાળાનું આયોજન મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરનાં શ્રી આર. ડી.કમ્બોજ, ભા.વ.સે., ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતી. જેમાં કોસ્ટ ગાર્ડનાં કમાન્ડીગ ઓફીસરશ્રી એન. પાટીલ, મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામકશ્રી, બી.કે. લેઉવા, કસ્ટમ વિભાગના શ્રી દવે, મરીન પી.એસ.આઈ.શ્રી રાણા, મત્સય સંશોધન વૈજ્ઞાનિક શ્રી જેતાણી, શ્રી જોશી, શ્રી પટેલ, શ્રી ટાંક તથા મરીન નેશનલ પાર્ક, જામનગરના તાબા હેઠળના દ્વારકાના રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, આર. કે. શીલુ, સિકકાના રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, આર. જી. કનેરીયા, ભાટીયાના રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, એન.એન.જોશી, માછીમાર સમાજના આગેવાનો શ્રી મોહનભાઈ બારે, શ્રી ઈશાભાઈ ઓખાવાળા, શ્રી યાકુબભાઈ, શ્રી સલેમાનભાઈ, શ્રી બ્લોચભાઈ, શ્રી આસમભાઈ તથા ૨૦૦ સાગરખેડુભાઈઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત શ્રી આર. કે. શીલુ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી મરીન નેશનલ પાર્ક, દ્વારકા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. કાર્યશાળાનો મુખ્ય હેતુ માછીમારી વ્યવસાય સાથે જોડાયેલા લોકોમાં દરિયાઈ જીવસૃષ્ટિ અંગે જાગૃતિ તથા તેની સમસ્યા નિવારણનો હતો. કાર્યશાળાની શરૂઆતમાં શ્રી બી. કે. લેઉવા મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામક દ્વારા ફીશરીઝમાં નવા આવેલા પ્રોજેકટ તથા પ્રોજેકટથી થતાં સાગરખેડુના ફાયદાઓ તથા તેની મુશ્કેલીના નિવારણ અંગેની સમજુતી આપેલ. ફીશરીઝ સંશોધન સાયન્ટીસ્ટ શ્રી કેતન જોશી, શ્રી ટાંક, શ્રી પટેલ વગેરે સેવાળ તથા અલ્ગી વિશે, ટ્રોલર ફીશીગથી થતી નુકશાની અંગે, અમુક માછલીઓના બચ્ચાંને મારી નાખવાથી થતાં નુકશાન વિશે માહિતી આપેલ હતી. શ્રી રાણા, મરીન પી.એસ.આઈ. એ દરિયાકાંઠે થતી ગુનાહીત પ્રવૃતિઓની જાણ થાય તો મરીન નેશનલ પાર્ક, જામનગર તથા મરીન પોલીસનો સંપર્ક કરવાનું જણાવેલ તથા આ અંગે કાયદાકીય માહિતી આપેલ હતી.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી શ્રી આર.ડી.કમ્બોજ, મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરએ માછીમારી સાથે જોડાયેલ સાગરખેડુ ભાઈઓને વન્યજીવ સંરક્ષણ અધિનિયમના શીડ્યુલમાં આવતી દરિયાઈ જીવસૃષ્ટિઓ વિશે માહિતી આપી હતી તથા કાયદાકીય જાગૃતિ આવે તે માટે વિસ્તૃત જાણકારી આપેલ.

બપોર બાદ શ્રી આર.ડી.કમ્બોજ તથા પધારેલ અધિકારીઓએ સાગરખેડુભાઈઓની રજુઆતો તથા સમસ્યાઓ સાંભળી હતી.



ચર્ચા દરમ્યાન સાગરખેડુ ભાઈઓના મોટાભાગના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું.

તા. ૧૬-૦૩-૧૨ ના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા મુખ્ય વન સંરક્ષક શ્રી આર. ડી. કમ્બોજ, ભા.વ.સે., ના અધ્યક્ષ સ્થાને સાગરખેડૂમાં જાગૃતિ માટે સલાયા ખાતે સાગર ખેડૂ જાગૃતિ શિબિર યોજાઈ ગયેલ. જેમાં મદદનીશ મત્સ્યોધોગ અધિક્ષક શ્રી ગુજ્જર, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, મરીન નેશનલ પાર્ક, ખંભાળીયાનાં શ્રી આર. જી. કનેરીયા, ઈન્ડીયન કોસ્ટગાર્ડ, વાડીનારના પ્રતિનિધિ શ્રી રાધેશ્યામ, સિકકા નગરપાલિકાના પ્રમુખ શ્રી શાર્દુલભાઈ, માછીમાર મંડળના પ્રતિનિધિશ્રી, મરીન નેશનલ પાર્ક, ખંભાળીયાનો સ્ટાફ તથા આઈ.સી.ઝેડ.એમ.પી. ના સોશ્યલ સાયન્ટીસ્ટ શ્રી ચેતનભાઈ સોજીત્રાએ હાજરી આપેલ હતી.

કાર્યક્રમની શરૂઆત રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, મરીન નેશનલ પાર્ક, ખંભાળીયાના શ્રી આર. જી. કનેરીયા સાહેબે મહેમાનોના શાબ્દીક સ્વાગતથી કરેલ. ત્યાર બાદ મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં મદદનીશ મત્સ્યોધોગ અધિક્ષક શ્રી ગુજ્જરએ માછીમારીને લગતા કાયદા તથા કેવી રીતે માછીમારી કરવાથી વધુને વધુ માછલીઓનું ઉત્પાદન થાય એ માટેની માહિતી આપી.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી શ્રી કમ્બોજ, ભા.વ.સે., મુખ્ય વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા માછીમારી સાથે જોડાયેલ સાગરખેડૂ ભાઈઓને મરીન નેશનલ પાર્કના કાયદાઓ, "સંકલીત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ" અંગે માહિતી આપવામાં આવેલ તથા તેનાથી માછીમારી સમાજને થતાં ફાયદાઓ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી.

કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન શ્રી ચેતનભાઈ સોજીત્રા દ્વારા કરવામાં આવેલ હતું.

## મરીન નેશનલ પાર્ક, જામનગર અંતર્ગતના અજાડ ટાપુ પર સોલાર લાઈટ દ્વારા અજવાળા

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા અમલીકૃત "સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરિયોજના (આઈ.સી.ઝેડ.





એમ.)" દ્વારા દરિયાકાંઠા પર વસતા લોકોનો સામાજીક અને આર્થિક વિકાસ થાય, આજીવિકામાં સુધારો આવે, સાથે સાથે દરિયાઈ જીવસૃષ્ટિ, પરવાળા અને ચેરનું સંરક્ષણ અને સંવર્ધન થાય તેવો ઉદેશ આ પ્રોજેક્ટનો છે.

તા.૦૧/૦૪/૨૦૧૨ના રોજ અજાડ ટાપુ પર ૧૦૦% સોલાર હોમ લાઈટ અને સોલાર સ્ટ્રીટ લાઈટ આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ થકી મરીન નેશનલ પાર્ક, જામનગરનાં મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ ભા.વ.સે.,નાં હસ્તે લોકોને અર્પણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, એન. એન. જોશી, મરીન બાયોલજીસ્ટ ડો. ચંદ્રેશ દવે, સોશ્યલ સાયન્ટીસ્ટ શ્રી ચેતન સોજીત્રા, ફોરેસ્ટરશ્રી આર. બી. સોલંકી, ફો.ગાર્ડ શ્રી એલ. બી. ધુચલા, સભ્ય સચિવશ્રી ડી. એન. મારુ, પ્રમુખશ્રી ઈસાભાઈ સંધાર અને સમગ્ર ગ્રામજનો હાજર રહેલ.

અજાડ ટાપુ પર ૧૦૦% સોલાર હોમ લાઈટ અને સ્ટ્રીટ લાઈટ અર્પણ કરતા ગામના રેમતબેન અકબરભાઈ સંધારે જણાવેલ કે, આ સોલાર લાઈટ દ્વારા રાત્રે બાળકો ખુબ મનોરંજન માણી શકે છે. વિંછી, સાપ જેવા જીવજંતુથી ભય લાગતો નથી. અજાડ સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સમિતિનાં પ્રમુખશ્રી ઈસાભાઈએ જણાવેલ કે, આ સોલાર લાઈટ દ્વારા અજાડ ટાપુ પર આજે પુર્ણિમાનો ચંદ્ર ગામમાં ખીલ્યો છે અને ભવિષ્યમાં પણ ખીલતા રહેશે તેવું જણાવેલ.

સોલાર લાઈટ અર્પણ કરતા મુખ્ય વન સંરક્ષકશ્રી, આર. ડી.કમ્બોજ સાહેબે જણાવેલ કે, આ સોલાર લાઈટ ગ્રામજનોને અંધકારમાંથી અજવાળા તરફ લાવશે અને ગ્રામજનોને પ્રાથમિક સુવિધા લોકભાગીદારી દ્વારા પુરી પાડવામાં આવેલ છે. આ કામગીરીનો અભિગમ મરીન નેશનલ પાર્ક અને ગ્રામજનો વચ્ચે વિશ્વાસનો સેતુ ઉભો કરવાનો છે. આ અભિગમ દ્વારા દરિયાઈ જીવસૃષ્ટિ, ચેર અને પરવાળાનાં સંરક્ષણ અને સંવર્ધનમાં લોકોની ભાગીદારી અને સહકાર મળશે.

## ખાતાકીય પ્રાથમિક તાલીમ

મરીન નેશનલ પાર્ક હેઠળ ફરજ બજાવતા ફોરેસ્ટ ગાર્ડ શ્રી પ્રણવ સવાસળીયા અને શ્રી એમ.આર.સોઢાએ તા. ૧૪/૧૧/૨૦૧૧ થી ૧૩/૦૫/૨૦૧૧ સુધી ખાતાકીય પ્રાથમિક તાલીમ, વન તાલિમ કેન્દ્ર ડુંગરડા ખાતે લીધેલ. જેમાં તેઓએ વનવિભાગ વિષેની પ્રાથમિક માહિતી અને વન સંરક્ષણના કાયદાઓ તેમજ કામગીરી કરવાની પધ્ધતિ વિશેની અમુલ્ય માહિતી તેઓએ આ તાલીમ દ્વારા મેળવી હતી. તેમજ ગુજરાત દર્શન પ્રવાસમાં બધાજ વિસ્તારનાં જંગલો વિશેની માહિતી મેળવવામાં આવી હતી.

## સહભાગી ગ્રામીણ ચકાસણી (પી.આર.એ.)



સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ઈકો ડેવલોપમેન્ટ ગામોમાં ગામની જરૂરી પ્રાથમિક માહિતી મેળવવા ગામની સમસ્યાઓ જાણવા તથા ગામના લોકો દ્વારા જ તેના નિરાકરણની પધ્ધતિ અપનાવવામાં આવે તેવું આયોજન આ સહભાગી ગ્રામીણ ચકાસણી દ્વારા કરવામાં આવે છે.

આ સહભાગી ગ્રામીણ ચકાસણી એ સહભાગીતાનાં પાયા નાખવા અને તેને સાર્થકતા લાવવા માટે ખુબ ઉપયોગી સાબિત થયેલ છે. આ પ્રક્રિયા ગામ લોકો દ્વારા, લોકો માટે અને લોકોની ભાગીદારી દ્વારા કરવામાં આવે છે. જેમાં ગામલોકો જ પોતાની સામાજીક, આર્થિક અને ભૌગોલીક પરિસ્થિતિની માહિતી આપતા હોય છે.

આ પધ્ધતિ દ્વારા ગામલોકો એક મંચ પર આવી માહિતીની આપ લે કરતા હોય છે, સાથોસાથ ગામની જરૂરીયાતો અને ગામની સમસ્યા કઈ છે? તેમજ સમસ્યાના ઉકેલ લાવવા માટે ગામલોકો જ તેનું આયોજન તૈયાર કરે છે. એટલે કે, કામનાં આયોજનથી લઈને કામ પુર્ણ કર્યા સુધીની બધી જ કામગીરી ગામલોકો દ્વારા કરવામાં આવે છે. જે સાચા અર્થમાં સહભાગીતાનાં ખ્યાલને પુરવાર કરે છે.

આવી જ સહભાગી ગ્રામીણ ચકાસણી મરીન નેશનલ પાર્કનાં ઈ.ડી.સી. ગામોમાં કરવામાં આવી હતી.

## "૫મી જુન વિશ્વ પર્યાવરણ દિવસ"

તા. ૫ મી જુન એટલે કે, વિશ્વ પર્યાવરણ દિવસ સમગ્ર વિશ્વમાં પર્યાવરણનાં પ્રશ્નો પરત્વે જાગૃતિ લાવવા, વિશ્વનાં પર્યાવરણને થઈ રહેલા નુકશાનને અટકાવી ટકાઉ વિકાસ પરત્વે લોકોમાં જાગૃતિ લાવવા માટે ઉજવણી કરવામાં આવે છે. જે માટે







મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નરારા ટાપુ ખાતે ઈકો ડેવલોપમેન્ટ કમિટિના સભ્યો સાથે કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જામનગરનાં નાયબ વન સંરક્ષકશ્રી એમ.એમ.ભાલોડી, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી આર.જી.કનેરીયા, મરીન બાયોલોજીસ્ટ શ્રી ડો.ચંદ્રેશ દવે, સોશ્યલ સાયન્ટીસ્ટશ્રી ચેતન સોજીત્રા, ગુજરાત ઈકોલોજી કમીશનનાં શ્રીયુતા વર્ષાબેન, ફોરેસ્ટ સ્ટાફ શ્રી જાડેજાભાઈ, હુશેનભાઈ ગાદ તથા જુદી જુદી ઈ.ડી.સી.ના અંદાજે ૭૦ થી વધુ સભ્યો હાજર રહેલ.

જેમ વનસ્પતિને સીધો સંબંધ વાતાવરણ સાથે છે. તેમ દરિયાઈ જીવસૃષ્ટિ, ચેરના જંગલો અને દરિયાઈ સંપતિને સીધો સંબંધ પર્યાવરણ સાથે રહેલ છે. આ વિપુલ દરિયાઈ જીવસૃષ્ટિ ધરાવતા આ મરીન નેશનલ પાર્કનું પર્યાવરણીય મુલ્ય અનન્ય રહેલ છે. ત્યારે આ વિશ્વ પર્યાવરણ દિવસે દરિયાકાંઠા પર વસતા લોકો પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય તેવા ઉદેશ સાથે ઉજવણી કરવામાં

આવેલ. કાર્યક્રમમાં સૌ પ્રથમ આવેલ મહેમાનો, અધિકારીશ્રીઓ અને ગ્રામજનોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી આર.જી.કનેરીયા દ્વારા પર્યાવરણ વિશે સમજ આપતા જણાવેલ કે, આપણું પર્યાવરણ ૩ (ત્રણ) સજીવ અને ૫ (પાંચ) નિર્જીવ તત્વોનું મુખ્યત્વે બનેલ છે.જેમાં વનસ્પતિ, પ્રાણી (મનુષ્ય સહીત) તેમજ સુક્ષ્મ જીવાણુંઓ એ ૩ (ત્રણ) સજીવ તત્વોનો સમાવેશ થાય છે અને પાણી, હવા, અવકાશ, જમીન, ઉર્જા એ ૫ (પાંચ) નિર્જીવ તત્વોનો સમાવેશ થાય છે. જેમાં માનવી દ્વારા વધુમાં વધુ આ પર્યાવરણને નુકશાન પહોંચાડવામાં આવેલ.જે માટે આપણે સૌ આજે વિશ્વ પર્યાવરણ દિવસે પ્રતિજ્ઞા લઈએ કે, પર્યાવરણને નુકશાન થાય તેવી વસ્તુનો ઉપયોગ નહિવત કરીશું.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી એમ.એમ.ભાલોડી દ્વારા જણાવવામાં આવેલ કે, આપણા ગામની બાજુમાં આવેલ વિપુલ દરિયાઈ જીવસૃષ્ટિને આપણા દ્વારા કોઈ નુકશાનકારક પ્રવૃતિ ન થાય અને આપણાં દરિયાકાંઠા પર કોઈ કચરો ફેકવામાં ન આવે તે માટે સૌ ગ્રામજનોને અપીલ કરેલ કારણ કે, પ્લાસ્ટીક રૂપી ફેકવામાં આવેલ કચરો પર્યાવરણને ખુબ જ નુકશાન પહોંચાડે છે. ત્યારે ગ્રામજનો અને પર્યટકો દ્વારા કોઈ આવો કચરો ફેકવામાં ન આવે તે માટે આપ પ્રથમ હરોળના રખેવાળ બન્યા છો. જેના દ્વારા આજે મરીન નેશનલ પાર્કમાં દરિયાઈ જીવસૃષ્ટિની વિશ્વમાં ગણના કરવામાં આવે છે.

કાર્યક્રમના અંતમાં લોકોને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ માટેનો ફીલ્મ શો બતાવવામાં આવેલ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરેલ અને કાર્યક્રમના અંતમાં સૌ ગ્રામજનોએ ચિત્ર પ્રદર્શન નિહાળ્યું. બાદમાં કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

## સાઉથ નોલેજ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત મુખ્ય વન સંરક્ષકશ્રીનો આર્જેન્ટીના પ્રવાસ

તા.૧૧/૦૬/૨૦૧૨ થી ૧૯/૦૬/૨૦૧૨ સુધી આર્જેન્ટીના ખાતે વિશ્વ બેંક પુરસ્કૃત "સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ" અંતર્ગત ત્રણ રાજયો જેવા કે પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, ગુજરાત અને ભારત સરકારના નાંણા વિભાગના ૧૨ સરકારી અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ ડો. એસ.કે.નંદા,



મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી આર. ડી.કમ્બોજ, તેમજ પર્યાવરણ વિભાગના શ્રી અશોક ચૌહાણ આ પ્રવાસમાં ભાગ લીધો હતો.

આ પ્રવાસ દરમ્યાન મિશનનાં સભ્યોએ આર્જેન્ટીનાનાં વિવિધ પ્રાંતો અને સરકારી / બીન સરકારી સંસ્થાઓની મુલાકાત લઈ, તેઓનાં અધિકારીશ્રી સાથે દરિયાકાંઠા અને દરિયાઈ જૈવવૈવિધ્યતાનાં વ્યવસ્થાપન અને સંરક્ષણમાં પડતી મુશ્કેલીઓ અને તે અંગેનાં વૈકલ્પીક ઉપાયો પર ચર્ચા કરી હતી. આ વિદેશ પ્રવાસ દરમ્યાન મિશને બેન્ક, આર્જેન્ટીના, ફેડરલ ફીશરીઝ કાઉનસીલ, વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ– આર્જેન્ટીના, નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફીશરીઝ, મારડેલપ્લાટા, પેટાગોનીયા નેચર ફાઉન્ડેશન, મરીન નેશનલ પાર્ક ઓફ પેટાગોનીયા, વિગેરે સંસ્થાઓ અને સ્થળોની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમ્યાન વિવિધ દરિયાઈ જીવો જેવા કે, સધર્ન રાઈટ વ્હેલ, એલીફન્ટ સીલ, સી લાયન તથા જાયન્ટ પેટ્રેલ્સ વિગેરે ને તેઓના પ્રાકૃતિક આવાસમાં નિહાળીયા હતા.

## દરિયાઈ જૈવવૈવિધતા અંગે તાલીમ

મરીન નેશનલ પાર્ક અને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે "દરિયાઈ જૈવવૈવિધતા" અંગેની તાલીમ તા.૧૧/૦૬/૨૦૧૨ થી તા.૧૫/૦૬/૨૦૧૨ દરમ્યાન ગાંધીનગર મુકામે યોજવામાં આવી હતી. આ તાલીમમાં મરીન નેશનલ પાર્કના ૧૫ જેટલા ક્ષેત્રીય કર્મચારીઓ જોડાયા હતા. તાલીમાર્થીઓને દરિયાઈ પરિસ્થિતિક, સંરક્ષણ, ઈકો ટુરીઝમ, દરિયાકાંઠાની વનસ્પતિઓ, ચેરનું વૈવિધ્ય, પરવાળાની વિવિધતા અને પરવાળાનું પરિસરતંત્ર, સમુદ્રી સરિસૃપો, કાંઠા વિસ્તારનાં



પક્ષીઓ, સમુદ્રી સસ્તનો, નકશાનું મહત્વ અને નકશા વાંચન જીપીએસ પ્રણાલીનો ઉપયોગ, જી.આઈ.એસ. લેબોરેટરીની સમજ વગેરે વિષયો પર માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં આવેલ પ્રાકૃતિક સ્થળો અને અભયારણ્યોની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. પ્રત્યક્ષ રીતે આસપાસનાં પક્ષીઓ અને પ્રાણીઓની ઓળખ અંગે સમજ આપવામાં આવી હતી.

## એક દિવસીય
## દરિયાઈ કાચબાનાં સંરક્ષણ પર તાલીમ



દરિયાઈ કાચાબાના સંરક્ષણ વિષયેની એક દિવસીય તાલીમ તા.૭ જુલાઈ ૨૦૧૨ ના રોજ પોરબંદર જીલ્લાના માધવપુર મુકામે મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા કાર્યરત કાચબા ઉછેર કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવી હતી. આ તાલીમ આઈ.સી.ઝેડ. એમ. પ્રોજેકટ ના ભાગરૂપે આયોજીત કરવામાં આવી હતી. આ તાલીમમાં ગુજરાત વન વિભાગનાં ભાવનગર, ધારી, પોરબંદર અને જામનગર વિભાગ હેઠળના દરિયા કાંઠા વિસ્તારની રેન્જોમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓ એમ



મળીને કુલ ૫૩ જેટલા સ્ટાફે ભાગ લીધો હતો. આ ઉપરાંત ઉપરોકત તાલીમમાં સ્થાનીક ગામલોકો અને દરિયાઈ કાચબાનાં સંરક્ષણમાં રસ ધરાવતા અન્ય બીન સરકારી સંગઠનો ઉત્સાહભેર જોડાયા હતા. તાલીમની શરૂઆત દિપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. જે સમયે શ્રી બી.એચ.દવે, મદદનીશ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગર, શ્રી એન.એન. જોશી, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, દ્વારકા, શ્રી પી.ટી. સીયાની રેન્જ ફોરેસ્ટ ઓફીસર, પોરબંદર તથા ગુજરાત ઈકોલોજી કમીશનના શ્રી લોમેશ બ્રહમભટ, શ્રી મનીષ દોહરે તથા ડો. શૈલેષ ડોડીયા ઉપસ્થિત રહયા હતા. આ સમગ્ર તાલીમનું સંચાલન ડો. એસ. એફ. વેસલી, શ્રી લોમેશ બ્રહમભટ અને શ્રી દિનેશ ગોસ્વામીએ કર્યુ હતુ. તાલીમાર્થીઓને દરિયાઈ કાચબાની ઓળખ, હેચરીની વ્યવસ્થા અને સારસંભાળ, કાચબાઓનાં માળાના સ્થળની ઓળખ વિગેરે વિષયો પર માહિતી આપી હતી. અંતમાં હેચરીની અંદર રેતીમાં માળા બનાવી તેમાં એકત્રિત કરેલા કાચબાનાં ઈંડાઓના સ્થળાતંર પધ્ધતિનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

## મરીન નેશનલ પાર્કમાં એક્રોપોરા પ્રજાતીનાં
## પરવાળાનું પ્રત્યારોપણ

મરીન નેશનલ પાર્કની મીઠાપુર રીફ અને લકુ રીફ (પોશીત્રા) માં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા એ ટાટા કેમીકલ્સ લી.નાં સહયોગથી એક્રોપોરા પ્રજાતીનાં પરવાળાનું સફળ પ્રત્યારોપણ કર્યુ. આ માટે ૧૫૦૦ કિ.મી. દુર સ્થિત લક્ષદ્રીપનાં અગાતી ટાપુ પરથી એક્રોપોરા હયુમીલીસ જાતીનાં પરવાળાનાં ૧૮ ટુકડાઓને સફળતાપુર્વક વહન કરી અહી માર્ચ-૨૦૧૨માં સ્થાપિત કરવામાં આવ્યા. આ પ્રસંગે મરીન નેશનલ પાર્ક, જામનગરનાં મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ ભા.વ.સે.,તથા વાઈલ્ડ લાઈફ



ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડીયા ના વૈજ્ઞાનિક ડો.બી.સી. ચૈધરી, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાના ડો. રાહુલ કોલ અને શ્રી ધિરેશ જોષી  શ્રી આર.કે.શીલુ, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, દ્વારકા અને ડો. ચંદ્રેશ એસ.દવે, મરીન બાયોલોજીસ્ટ આઈ.સી.ઝેડ.એમ. હાજર રહયા હતા.

## નરારા ટાપુ પર ગીર ફાઉન્ડેશન દ્વારા પરવાળાઓનું પ્રત્યારોપણ



આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ અંતર્ગત ગીર ફાઉન્ડેશન દ્વારા પરવાળાની સ્થાનિક પ્રજાતિઓ જેવી કે ફેવીયા અને પોરાઈટીસનાં ૨૫૦ જેટલાં ટુકડાઓને નરારા ટાપુ ખાતે પ્રત્યારોપીત કરવામાં આવ્યા છે. આ સમગ્ર કવાયત પ્રોજેક્ટ અંતર્ગત પરવાળાનાં પ્રત્યારોપણ માટેની સ્થાનિક પર્યાવરણમાં અસરકારક તકનીક વિકસાવવા તરફનાં પ્રયાસરૂપ છે. આ પ્રસંગે શ્રી આર.ડી.કમ્બોજ, મુ.વ.સં., મરીન નેશનલ પાર્ક એ હાજર રહી ટીમને પ્રોત્સાહન તથા જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.

## દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાનમાં પરવાળાનાં પ્રત્યારોપણ બાબતે ઝુલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા સાથે સમજુતી કરાર

આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ અંગર્તત કચ્છનાં અખતામાં સ્થિત દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાનમાં જોવા મળતાં પરવાળાનાં ટાપુઓ પર જોવા મળતી પરવાળાની જૈવવૈવિધતા અને તેઓની ગીચતા વધે તે હેતુથી પરવાળાઓનાં પ્રત્યારોપણ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે. આ બાબતે આ ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવતા ઝુલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા(ઝેડ.એસ.આઈ.) અને મરીન નેશનલ પાર્ક વચ્ચે તા.૦૧/૦૫/૨૦૧૨ નાં રોજ સમજુતી કરાર કરવામાં આવ્યા. ઝેડ.એસ.આઈ. ના નિયામક  ડો. કે. વેન્કટરામન તથા મરીન નેશનલ પાર્ક,જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ, ભા.વ.સે. એ ઉપરોક્ત સમજુતી કરાર પર હસ્તાક્ષર કરી પરવાળાનાં સંરક્ષણ બાબતે એક નવા અધ્યાયની શરૂઆત કરી. આ સમજુતી કરાર મુજબ ત્રણ વર્ષના અંતે ૧૦૦૦ ચો.મી. વિસ્તારમાં પરવાળાઓનું પુનઃસ્થાપન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર યોજના દરમ્યાન પરવાળાની સ્થાનિક જાતીઓ તેમજ ભારતનાં અન્ય પરવાળા ક્ષેત્રોમાંથી એક્રોપોરા અને મોન્ટીપોરા પ્રજાતિઓનાં પરવાળાને અહીં કચ્છનાં અખાતમાં પુનઃ સ્થાપિત કરવામાં આવશે. આ યોજના પાછળ અંદાજે ૨૫૩ લાખ રૂપિયાની જોગવાઈ નક્કી કરવામાં આવી છે.

## ઈ.ડી.સી. દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રોજેક્ટની કામગીરી

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા અમલીકૃત "સકંલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ" અંતર્ગત દરિયાકાંઠા વિસ્તાર કે જે ગામો સીધી કે આડકતરી રીતે દરિયાઈ પરિસરતંત્ર ઉપર  નિર્ભર છે અને તેમની સાથે કોઈને કોઈ રીતે સીધો સંબંધ રહેલ છે. તેવા ગામોમાં આ પ્રોજેક્ટ થકી ગ્રામ સ્તરે "પર્યાવરણ વિકાસ સમિતિ" (ઈ.ડી.સી.)ની રચના કરવામાં આવે છે. જેમનો મુખ્ય ઉદેશ ગામના સામાજીક અને આર્થિક વિકાસ થાય, સાથો સાથ દરિયાઈની અલભ્ય દરિયાઈ જીવસૃષ્ટિ, ચેરના વનો અને પરવાળાનું સંરક્ષણ અને સંવર્ધન થાય. આ કામગીરીમાં





ગ્રામજનો અને વન વિભાગ સ્ટાફના સહીયારા પ્રયાસથી દરિયાઈ જીવસૃષ્ટિનાં સંવર્ધનને ખુબ વેગ મળશે.

આવા અનોખા અભિગમ સાથે હાલ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ અંતર્ગત ઈ.ડી.સી. દ્વારા ગામોમાં એન્ટ્રી પોઈન્ટની કામગીરી પુર્ણ કરવામાં આવેલ. જે નીચે મુજબ છે.

(૧) હમુસર : ઘાસ ગોડાઉન અને આર.સી.સી.રોડ
(૨) આરંભડા : સામુહિક શૌચાલય
(૩) રાજપરા : પ્રાથમિક શાળા સુધી આર.સી.સી.રોડ
(૪) વિરપુર : ગામનું મુખ્ય તળાવ રીપેરીંગ અને કાઢીયા રીપેરીંગ
(૫) ગુરગઢ : ગામના મુખ્ય કુવાનું રીપેરીંગ, સ્નાન ઘાટ અને તળાવ રીનોવેશન
(૬) અજાડ ટાપુ : સંપુર્ણ સોલાર લાઈટ
(૭) ગોઈંજ : આર.સી.સી.રોડ
(૮) નાનાઆમલા : માછીમારો માટે રસ્તાની સુવિધા
(૯) મોટા આમલા : ઘરદીઠ શૌચાલય
(૧૦) સિંગચ : ગામમાં સોલાર સ્ટ્રીટ લાઈટ
(૧૧) ઢીચડા : ઘરદીઠ શૌચાલય
(૧૨) જાંબુડા : ઘરદીઠ શૌચાલય
(૧૩) હડીયાણા : સાયકલોન રીલીફ સેન્ટર
(૧૪) કોઠારીયા : ઘરદીઠ શૌચાલય

## ક્ષેત્રિય સ્ટાફ અને આઈ.સી.ઝેડ.એમ. સ્ટાફને પ્રોક્યોરમેન્ટ, ફાયનાન્સ અને એકાઉન્ટ અંગે તાલીમ

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા અમલીકૃત "સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ" અંતર્ગત રચવામાં આવેલ "પર્યાવરણ વિકાસ સમિતિ" ના ક્ષેત્રિય સ્ટાફ (સભ્ય સચિવ) અને આઈ.સી.ઝેડ.એમ. સ્ટાફના કુલ ૧૩ વ્યક્તિઓએ તા.૦૩/૦૮/૧૨ થી તા.૦૪/૦૮/૧૨ ના રોજ ડેવલોપમેન્ટ સપોર્ટ સેન્ટર બોપલ, અમદાવાદ ખાતે પ્રોકયોરમેન્ટ, ફાયનાન્સ અને એકાઉન્ટીગ હિસાબો અંગેની બે દિવસીય તાલીમમાં ભાગ લીધો હતો.

આ તાલીમ દરમ્યાન વિશ્વ બેંક પુરસ્કૃત આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ દ્વારા દરિયા કાંઠા પરનાં ગામોમાં રચવામાં આવેલ સમિતિમાં કરવાનાં થતા એન્ટ્રી પોઈન્ટનાં કામો અને સામાજીક વિકાસનાં કામોમાં વપરાતી ગ્રાન્ટનું યોગ્ય રીતે દસ્તાવેજો નિભાવવામાં આવે અને યોગ્ય પ્રક્રિયા દ્વારા આ કામગીરી થાય તે માટે ક્ષેત્રિય કર્મચારી અને આઈ.સી.ઝેડ.એમ.ના સ્ટાફને આ અંગે તાલીમ દ્વારા માહિતગાર કરવામાં આવેલ.

## મલ્ટી ડીસીપ્લીનરી ઓસેનોગ્રાફીક ઓબઝર્વેશનસ ફોર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ

ગુજરાત ઈકોલોજી કમીશન અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓસેનોગ્રાફી, ગોવાના સંયુકત ઉપક્રમે ઉપરોકત તાલીમ ૩૦ જુલાઈ થી ૯ ઓગષ્ટ, ૨૦૧૨ દરમ્યાન એન.આઈ.ઓ.,ગોવા ખાતે યોજાઈ હતી. આ તાલીમમાં ગુજરાત વન વિભાગ, ગુજરાત આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ તથા ઓરિસ્સા અને



પશ્ચિમ બંગાળનાં આઈ.સી.ઝેડ.એમ. સાથે સંલગ્ન કર્મચારી તથા અધિકારીઓએ ભાગ લીધો હતો. આ તાલીમનો મુખ્ય ઉદેશ અધિકારી અને કર્મચારીગણમાં કાંઠા વિસ્તારમાં પ્રવર્તતી વિવિધ ભૌતિક અને રાસાયણીક ગતિવિધીઓ અને તેમની કાંઠા વિસ્તાર સ્થાનિક જૈવવૈવિધ્યતા અને સ્થાનિક માનવ વસાહતો પરની સયુંકતરૂપે થતી અસરો અંગે વૈજ્ઞાનિક સમજ કેળવવાનો હતો. આ તાલીમમાં તાલીમાર્થીઓને દરિયાકાંઠા વિસ્તારની ભૂગોળ, જમીન ધોવાણ, ફિશરીઝ મેનેજમેન્ટ, સુનામી-અર્લીવોર્નિંગ સીસ્ટમ, કોસ્ટલ બાયોડાયવર્સીટી, કલાઈમેટ ચેન્જ અને તેની અસરો જેવા સાંપ્રત વિષયો ઉપર માહિતી આપવામાં આવી. મરીન નેશનલ પાર્ક, જામનગરના નાયબ વન સંરક્ષકશ્રી એમ.એમ.ભાલોડી અને રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી જી.એ. સોઢા એ ઉપરોકત તાલીમમાં ભાગ લીધો હતો. આ તાલીમ દ્વારા ભારતના ત્રણ રાજયો ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં અમલીકરણ થઈ રહેલા આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ અંતર્ગત વધુ સુગઠીત રીતે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ માટેના ઘડતરની અપેક્ષા રાખવામાં આવી હતી.

## આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ઓસીનેરીયમ માટે સ્થળ પરિક્ષણ

આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ દ્વારકા ખાતે ઓસીનેરીયમ માટેની સુચિત સ્થળની સ્થળ મુલાકાતે ઈન્સ્ટીટયુટ ઓફ એન્વાયરોમેન્ટલ સ્ટડી એન્ડ વેટ લેન્ડ મેનેજમેન્ટના શ્રી સોમનાથ ભટ્ટાચાર્ય તા.૧૩/૦૭/૨૦૧૨ ના રોજ આવ્યા હતા. તેઓની ઉપરોકત મુલાકાત દરમ્યાન સુચીત સ્થળનું સી.આર. ઝેડ-૨૦૧૨ મુજબ મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમ્યાન શ્રી એન.એન.જોશી રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, મરીન નેશનલ પાર્ક, દ્વારકા અને સ્ટાફ હાજર રહી પૂરક માહિતી આપી હતી.

## મીડ કેરીયર ટ્રેનીંગ



ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા ભારતીય વન સેવાના અધિકારીઓ માટે આયોજીત મીડ કેરીયર ટ્રેનીંગમાં મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ, ભા.વ.સે. તા.૦૮/૦૭/૨૦૧૨ થી તા. ૦૪/૦૮/૨૦૧૨ સુધી ભાગ લીધો હતો. આ તાલીમ દરમ્યાન તેઓએ તા.૦૮/૦૭/૨૦૧૨ થી ૧૪/૦૭/૨૦૧૨ સુધી ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (આઈ.આઈ.એમ.) બેંગ્લોર ખાતે ફોરેસ્ટ્રી તેમજ વ્યવસ્થાપનને લગતા જુદા જુદા વિષયો પર સઘન તાલીમ મેળવેલ. ત્યાર બાદ તા.૧૬/૦૭/૨૦૧૨ થી તા.૨૯/૦૭/૨૦૧૨ સુધી અમેરીકામાં ન્યુયોર્ક રાજયના સાયરાક્રુઝ વિશ્વ વિદ્યાલય ખાતે અમેરીકામાં વન વ્યવસ્થાપન તેમજ સંલગ્ન વિષયો પર તાલીમ આપવામાં મેળવેલ. આ સમય દરમ્યાન અમેરીકાના વિવિધ રાજયોના વન વિસ્તારની મુલાકાત લેવામાં આવેલ અને યુ.એસ. ફોરેસ્ટ સર્વિસના સંસ્થાપક અને પ્રથમ ચીફ શ્રી ગીફોર્ડ પીચોટ ની યાદગીરીમાં સ્થાપાયેલ સ્મૃતિસ્થળ (ગ્રે ટાવર્સ) ની મારમોટા ખાતે (પેનસીવેનીયા સ્ટેટ) મુલાકાત લીધી હતી. ત્યાર બાદ આ તાલીમની પૂર્ણાહુતી રૂપે ઈન્દીરાગાંધી નેશનલ ફોરેસ્ટ એકેડેમી, દહેરાદુન ખાતે તા.૦૧/૦૮/૨૦૧૨ થી તા.૦૪/૦૮/૨૦૧૨ દરમ્યાન તાલીમ અંગેના પ્રતિભાવો અને રજુઆત પર જુથ ચર્ચા કરવામાં આવેલ.


ઓખા મરીન નેશનલ પાર્ક જામનગર અંતર્ગત અજાડ ટાપુ પર સેટેલાઈટ દ્વારા અજવાળા

જામનગરના આંગણે સૌરા
બર્ડ વોચર્સ કોન્ફરન્સનું

ગુજરાતના પરવાળા સમુદ્રમાંથી નામશેષ થઇ ગયેલા

'એક્રોપોરા' પરવાળા લક્ષદ્વીપથી લાવી હાલારના સમુદ્ર કાંઠે સફળ પ્રત્યારોપણ

એક નવા અધ્યાયની શરૂઆત થશે : પ્રદીપ ખન્ના

Black-necked stork numbers up in Khijadia Bird Sanctuary

The Latest Census Saw Them Rise To 49 From Just 6 In 2002

Vijaysinh Parmar | TNN

Rajkot: Forest department officials claim to have spotted 49 black-necked storks in and around Khijadia Bird Sanctuary, roughly 12 km from Jamnagar, in the recent statewide water birds' census.

It is a significant increase from merely six storks (including two chicks) spotted in 2002. Of the 49 black-necked storks, seven were chicks, officials said.

Black-necked storks are classified as "near threatened" in India.

"In the last decade, rare

A pair of black-necked stork and pelicans in Khijadia

નવેમ્બરથી જાન્યુઆરી દરમ્યાન

મરીન નેશનલ પાર્ક દ્વારા 'પ્રાકૃતિક શિક્ષણ શિબિર'

આપના સુચનો તથા અભિપ્રાય માટે સંપર્ક કરો

**મુખ્ય વન સંરક્ષક**

દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાન, નાગનાથ ગેટ પાસે, વન સંકુલ, જામનગર.

ફોન : (૦૨૮૮) ૨૬૭૯૩૫૭, ફેક્સ : (૦૨૮૮) ૨૭૭૦૧૬૧

પ્રતિ,

PQC, www.pqcindia.com